જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૩/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૫૩૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી ૧૧૬ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩ બિયરટીન અને ૦૧ એક્ટીવા સ્કુટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૫૩૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૫૩૯/૧૬**

**વટવા** : મુકેશભાઇ હનુમાનપ્રસાદ અગ્રવાલ (રહે.દેવ ક્રેસ્ટલ એપાર્ટમેન્ટ, ગોવિંદવાડી ઇસનપુર) એ તા.૨૨/૩/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૩/૧૬ ના કલાક ૨/૩૦ થી તા.૨૧/૩/૧૬ બપોરનાં ૩/૩૦ વાગ્યા દરમ્યાન આરોપી (૧) શંકરસિંગ જગીલાલસિંગ (રહે.મુળ ગામ હલદવાણી ટાઉન પોસ્ટ: કુંડી જી.જોનપુર(યુ.પી.) અને (૨) કંડકટર નીતીનભાઇ (રહે.દિલ્હી) ભેગામળી વટવા પીપળજ પિરાણા રોડ ઉપર આવેલ અનુનપ ફેબ લીમીટેડ માંથી ટ્રેલર ગાડી નંબર એચ.આર.૪૭.એ.૯૭૧૭ ક્ન્ટેનરમાં જુદી-જુદી સાઇઝનાં બેડસીટ, પિલ્લો કવરનાં કાર્ટુન નંગ-૧૧૫૧ કુલ કિંમત રૂપિયા ૪૯,૪૮,૧૧૯/- મતાનાં સગેવગે કરી પલાયન થઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. કે.એસ.પટેલ ચલાવે છે.

**ક્રાઇમબ્રાન્ચ** : (૧) ચીરંજીત અતુલભાઈ દવે (ઉ.વ.૨૯)(રહે. ઠાકોર પાર્ક સોસાયટી, ૭ પાર્થ એપાર્ટમેન્ટ, ફતેહપુરા, પાલડી) એ તા.૨૨/૩/૧૬ નારોજ ક્રાઇમબ્રાન્ચ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૪/૨૦૧૩ થી તા.૨૪/૦૮/૨૦૧૩ દરમ્યાન આરોપી (૧) વિક્રમ બાલમુકુંન્દ ભટ્ટ (રહે.આકાશ રેસીડેન્સી, દેવસીટી બંગ્લોઝ સામે, ઘાટલોડીયા) અને (૨)પી.વી.પંડયા નામની વ્યકિત(જેનું પુરૂ નામ-સરનામું જણાઈ આવેલ નથી) ભેગામળી ચીરંજીત નાઓને વિશ્વાસમાં લઇ, નવરંગપુરા, સરદાર પટેલ સ્ટેડીયમ, પુરોહીત હાઉસમાં આવેલ ડેટા કેર કંપનીની ઓફીસમાં ચીરંજીત તથા તેઓની માતાની કોરા ચેકોમાં સહીઓ કરાવી બંનેનાં ખાતામાંથી ચેકો દ્વારા કુલ રૂપિયા ૫૧,૭૮,૦૭૭/- બોગસ કંપની ઉભી કરી નાણાંની ઉચાપત કરી, ખોટી બેંકોની સ્લીપો તૈયાર કરી, ચીરંજીતનાં એકાઉન્ટમાં ખોટી રીતે ઉધારી, ચીરંજીતની પેઢી સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ. એસ.એલ.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૨) નંદી વસંત ચાવડા (ઉ.વ.૫૩)(રહે.ગોયલ ઇન્ટરસીટી, ડ્રાઇવ-ઇન રોડ) એ તા.૨૨/૩/૧૬ નારોજ ક્રાઇમબ્રાન્ચ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ફેબ્રુઆરી/૨૦૧૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) બ્રેડ ટોમ્સ જોન્સન નામની ફેસબુક પ્રોફાઇલનો ધારક (૨) IDBI બેંકના ખાતા નં.૦૦૫૭૧૦૨૦૦૦૦૩૦૫૨૪ નો ધારક વીકી ગુપ્તા (૩) YES બેંકના ખાતા નં. ૦૩૫૦૮૩૮૦૦૦૦ ૧૬૮૭ નો ધારક વિકાસ ગોયલ (૪) સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા ખાતા નં. ૩૩૫૪૯૩૮૫૦૦ નો ધારક એલ.શેંગશાંગ અનલ (૫) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા ખાતા નંબરનાં રમેશ મેનન (૬) ઇન્ડસઇન્ડ બેંક ખાતા નં. ૨૦૧૦૦૦૧૧૫૧૭૨ નો ધારક વિકાસ ગોયલ (૭) યુનીયન બેંક ઓફ ઇન્ડીયા ખાતા નં.૫૫૫૮૦૨૦૧૦ ૦૦૫૮૨૧ નો ધારક કે.ફીલીપ તથા ખાતા નં. ૫૫૫૮૦૨૦૧૦૦૦૫૮૬૧ નો ધારક કોકુલા હોન્ગવા (૮) મો.નં. ૭૮૩૮૪૩૭૦૪૦ નો ધારક ચુન્કુ ગુરુંગ (૯) મો.નં. ૭૨૯૦૮૩૮૬૬૧ નો ધારક શીવાની ગોયલ તથા તેમના મળતીયા માણસોએ ભેગામળી આરોપી બ્રેડ ટોમ્સ જોન્સન નામના પ્રોફાઇલ ધારકે ગેરકાયદેસર કાવતરૂ રચી નંદી સાથે ફેસબુક ફ્રેન્ડ બની, નંદીને વિશ્વાસમાં લઇ, પોતે વિદેશમાંથી મોકલાવેલ પોતાની જીવનભરની મુડી તથા યુ.એસ.આર્મીના નોકરીના કોન્ટ્રાકટસ પેપર્સ તથા ગીફટનું પાર્સલ છોડાવી લેવા અંગે જુદા-જુદા બહાના કાઢી નંદી પાસેથી કુલ રૂપિયા ૪૧,૦૦,૩૫૪/- જુદા-જુદા બેંક ખાતામાં ભરાવડાવી, રકમ મેળવી લઇ નંદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ. જે.એસ.ગેડમ ચલાવે છે.

<u>**ચોરી :-**</u> **<u>સમાચાર યાદી નં.૫૪૦/૧૬</u>**

**શાહીબાગ** : અજયકુમાર પંડીતરાવ મેડકર (ઉ.વ.૫૫)(રહે : સૌજન્ય ટેનામેન્ટ, પારસનગર, ઇસનપુર) એ તા.૨૨/૩/૧૬ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૩/૧૬ સાંજના ૬/૩૦ થી તા.૧૮/૩/૧૬ સવારનાં ૯/૩૦ વાગ્યા દરમ્યાન શાહીબાગ ખાતે આવેલ સરકારી અનાજ ગોડાઉન નં : ૩૦ ના તાળાને ડુપ્લીકેટ ચાવીથી ખોલી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, ગોડાઉનમાંથી ૧૦ કટ્ટા ખાંડ અને ૬૮ ડબ્બા તેલના મળી કુલ કિંમત રૂપિયા ૮૦,૦૨૬/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જતીન પ્રજાપતિ ચલાવે છે.

<u>**વાહન ચોરીઃ-**</u> **<u>સમાચાર યાદી નં.૫૪૧/૧૬</u>**

**આનંદનગરઃ** દિવાકરન અચ્છુદન નાયર (રહે.અશોકનગર સોસાયટી, સુંદરવન પાછળ, સેટેલાઇટ) એ તા.૧૯/૩/૧૬ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૩/૧૬ બપોરના ૨/૩૦ થી સાંજનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન આનંદનગર શેલ્બી હોસ્પીટલ નાં મેઇન ગેટ આગળ રોડ ઉપર પાર્ક કરેલ પોતાની મારૂતી અલ્ટો કાર નંબર જીજે.૧.એચ.જે.૩૮૬૨ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.રાણા ચલાવે છે.

<u>**આત્મહત્યા :-**</u> **<u>સમાચાર યાદી નં.૫૪૨/૧૬</u>**

**રીવરફ્રંટ વેસ્ટઃ** નીમેશભાઈ જીતેન્દ્રભાઇ પુરાણી (ઉ.વ.૩૦) (રહે.ગોજારીયાની પોળ, હલીમની ખડકી, શાહપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૨/૩/૧૬ ના કલાક ૧૧/૨૫ વાગ્યાના સુમારે સાબરમતી નદીનાં પશ્ચીમ છેડે ગાંધીબ્રીજ નીચે, નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ પોપટસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)